
# સંગીત લલિતા.

( રસિક સંસારીક સુબોધક વાર્તા. )

પ્રકટ કર્તા,

ભગુભાઈ પ્રેમચંદ બુકસેલર.



અમદાવાદ

ટંકશાળમાં—"યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ.

સંવત ૧૯૪૫. સને ૧૮૯૯.

કીંમત બે આના.

આ ચોપડી સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે
રજીસ્ટર કરાવી પ્રકટ કરનારે સર્વ હક્ક પોતાને
સ્વાધીન રાખ્યા છે માટે કોઇએ છાપવી
યા છપાવવી નહીં

# अर्पण पत्रिका.

અખંડ પ્રૌઢપ્રતાપી મેહેરબાન નેકનામદાર,

ઠાકોર સાહેબ સર જસવંતસિંહજી

કે. સી. આઇ. ઈ.

મુ. લીંબડી.

શેવામાં વિનંતી કે—

આપ નામદાર વિદ્યાવૃદ્ધિના કામમાં હંમેશ હર્ષ-યુકત ભાગ લ્યોછો અને દેશોન્નતિનું મુખ્ય સાધન વિદ્યાજ છે અને આપ નામદારની સ્વદેશપ્રીતિ, સ્વદેશાભિમાન, વિદ્યાપ્રતિ અત્યંત પ્રેમ, દેશોન્નતિના કાર્યમાં હોંશથી ભાગ લેવાની તત્પરતા, સુરાતન અને ઉગતા ગ્રંથ કર્તાઓને સખાવતનો લાભ આપોછો. ઇ, ઇ, કારણોથી આપની કીર્તિ મુલકે મુલક મશહુર છે અને હું પણ આપ નામદાર સાહેબને આ ગ્રંથ પ્રેમભક્તિથી અર્પણ કરૂંછું તે સ્વીકારવા કૃપા કરશો એવી પ્રાર્થના છે.

હું છું. આપનું નીરંતર સ્મરણાનુરાગી,

કુમારીકા સરસ્વતી.

# પ્રસ્તાવના.

આર્યબંધુઓ તેમજ આર્ય બહેનીઓ !!!

યથાર્થ છે કે આર્યભૂમીમાં આનંદધ્વજ ફરકાવવી એ યશસ્વી છે અને પુરાતન કાળથી આ ભરતક્ષેત્રના વિખ્યાત કવિજનોએ મહાન હેતુથી 'અમો અમારા બાપદાદાથી ડાહ્યા નથી એમ આપણા સકળ હિંદુજનોમાં બેસાડી દીધેલી સખત છાપ દીઅર્થ બની સાપ ગયા અને લીસોટા રહ્યાની માફક કેરયુક્ત થઈ પડી છે, તે ઉપર અસંખ્ય શિક્ષાના રૂપમાં વિવેકયુક્ત વિવેચન કરેલાં છે એમ કહેવામાં અતીશયોકતી નથી અને તે ઉપરથી સિદ્ધ થઇ શકે છે કે આ બાબતમાં મારોજ પ્રથમ હેતુ નથી પણ એ અફસોસયુક્ત છે કે આપણે કયાં તો સાંભળવાને અશક્ત બન્યા છીએ કે આપડે સાંભળતાંજ નથી. અને તેથીજ કાયર સુરાતનથી અજાણ્યો એમ છે. પણ અમો આર્ય ભગનીઓને તેટલી હાલતે બધી ઝાંડી સ્થિતીમાં નથી તેને માટે આભારી બનીએ છીએ. પણ વહેમ હઠાવી આપણી પ્રાચીન રૂઢીઓમાં આ કળીકાળના સમયને અનુસરી ઘટનો ફેરફાર કરવો એ આવસ્યક છે એવા સંકલ્પથી આ નાનીસરખી તદન નજીવીજ પોથી આ આર્યઆલમને અર્પણ કરી તે અસંખ્ય ખામીથી ભરેલી છે અને એ આ અંધકારમાં તેજસ્વી દીપમાળ સળગાવવાને તદન નાલાયક છે પણ સજન—આર્ય માત પીતા તેને નીરર્થક સમજી બેશી રહેશે નહીં, "એટલીજ મારી આકાંક્ષા છે. કારણ સર એટલા ન્યુટન 'ફળ ભોંય શા માટે પડયુ તેવી નજીવી વાત ઉપરથી ઘણા વીશાળ તર્કમાં ફતેમંદ થયો.

ઠે. ભગુભાઈ પ્રેમચંદ બુકસેલર.
ખંભાત.

લી. શુભેચ્છક.
કુમારીકા સરસ્વતી.
કર્તા.

# સંગીત લલિતા.

ભરત ક્ષેત્રમાં ક્ષિરસાગરને મળનારી સરીતા, નંદદુર્ગા અને કૃષ્ણાના સંગમ ઉપર અમરાવતી નગ્ર છે. પુરનો દેખાવ સરીતા સુંદરીએ ગોદમાં બેસાડેલા બાળકની બરોબર છે. નદી તટે આ શહેર વસેલું હોવાથી જમીન સપાટી ઉંચી હતી, અને જળ પ્રવાસી લોકોને રળીઆમણું લાગવાનું તેજ કારણ હતું. બહારના દેખાવથી લોભાઇ તેઓ ઘણી વખતે તેમના નાવ લાંગરી આ વિસમય યુક્ત અવનીમાં પ્રવેશ કરતા, અને ભપકાદાર પણ નહાના આ રજવાડાના પ્રખ્યાત બાંધકામો જેવા કે દરબારી લતા તરફ જતાં ઉંચું અને આરસના ચળકતા શીખરવાળુ ઘડીઆળ, ન્યાયાસન, રાજા સાહેબની ખાનગી કચેરી, અને દરબાર, વિદ્યાલયો, શ્રીમંત શેઠોની સુંદર હવેલીઓ, અને દેવાલયમાં શિધ્ધેશ્વરશંભુના વિશાળ મંદીરાદિ તરફ તેઓની કીકીઓ તેમની અવીવર્ણીય શોભા તરફ ઠરી જતી અને તેઓ તેમની પુર્વ કલ્પનાના સિદ્ધાંત કરતા હતા.

આવાગમન કરતાં મનુષ્યોને ઉંચું જોવરાવતી પેલી નીચી બાંધણીની નાજુક હવેલી આગળ સમગ્રે થએલું દળ સિધેશ્વર જતા લોકોને અટકાવતું હતું. આ ઇમારત કાવ્યની નાયકા રસીક લલીતાના પીતા જયપ્રસાદની હતી.

## રસીક લલીતાનુ અંતઃપુર.

બેનપણીઓને બેસાડીને ગએલી રસીક બહેનને આગમન વ-

ખતે આવતી કપોલપરની મીઠી ગુલાબીને નીતીમાં રાખતી જોઇ,

**કમળા**—હવે તું સાશરે જઇશ એટલે ત્યાં તું અમને શંભારીશ પણ નહીં.

**આનંદ લક્ષ્મી**—હવે તો બેન વરયેલી બનશે.

**મહા લક્ષ્મી**—(જરા કોમળ મનની હોવાથી) વહાલી સખીનો વીયોગ ન ખમાતાં મનપર અફસોસના ઘોડા દોડવતી જોઇ લલીતાએ તેને વીવેકયુકત દીલાશો દીધો અને કમળા તથા લક્ષ્મીએ ટેકો આપ્યો.

**કમળા**—તું તો હવે નણંદાદિ સાસરીઆના સંબંધમાં યૌજાઈ આણંદ પામીશ, પણ વહાલી સખી તારા વિના આ.—

**લલીતા**—આમ મને યોગ્ય દીલાશો દીધાના બદલામાં તું પોતેજ શાણી અને સુઘડ હોવા છતાં ચીંતા ચીતામાં ઝંપલાયછે. પણ વીચારજે કે પ્રેમગાંઠથી બંધાએલી તીવ્ર મધુકરી હજારો ચંપાના વૃક્ષની ઘટામાં જશે તોપણ સુર્ય મુખી કમળ વિના સોસાયા વિના રહેશેજ નહીં.

**ગૌરી**—(જરા ભડકબંધી હોવાથી) કેમ હવે બહુ વાર હશે નહીં.

**રસીક બહેન**—તું તો દરરોજ તારા કામમાંજ ગુંથાએલી. ત્વરાની ત્વરાજ આજે પણ શું કામ છે?

**ગૌરી**—ના ના મારે કાંઇ ઉતાવળ નથી, પણ વીલંબ હોય તો હું જાણું છું કે મારા પીતાજીને કહો કંઇ ગાડીની સગવડ કરૂં.

**રસીક બહેન**—કોણ, તારા પીતાજી તર્ફ પ્રસાદ. એ તો અહીં કયારના આવ્યાછે. જો પેલી તેમની ગાડી ઉભી.(પરસાળમાંથી આવી)

**દેવી**—(લલીતાની માતુશ્રી) કેમ બહેન હવે કેટલીવાર છે?

**રસીક બહેન**—કાંઈ નહીં હું તો તૈયારજ છું.

બધા ઉઠી પરશાળમાં ગયા; અને દેવીની આજ્ઞાં લઇ સખી

આ સહીત જયપ્રસાદની ગાડીમાં લલીતા બેઠી અને તે પીપળી તરફ હંકારી પાછળની રેંકળીમાં તેના વહાલા પીતાજી તર્કપ્રસાદની સાથે બેશીને આવતા હતા, અને દેવી પડોશની સ્ત્રીઓ સાથે પાછળના શીગ્રામમાં હતી. દ્વાર બહાર પગલું મુકવું જે રસીક બહેને દુષીત ધાર્યું હતું તેણે આજે સ્વામી મળવાના હર્ષમાં ડુબતાં જાહેરાંત રસ્તો ચોરી જવાનું કબુલ કીધું હતુ તેમ છતાં પણ તે નીતીદર્પણમાં જોતી રસ્તે મળતા દળને દેવી તુલ્ય દર્શન દેતી હતી.

## પીપળી. (ભાગોળ)

બધા ગાડીમાંથી ઊતર્યા; અને વટેમાર્ગુનો સાથ છુપડવાની તૈયારી થઇ ત્યારે ક્ષણુ પણ અળગી નહીં કરેલ શાણી રસીકાને ગામ બહાર મોકલવા દેવીથી જા બહેન એટલુંપણ બોલી શકયું નહીં અને પહોંચ્યાનો કાગળ લખજે અને બોલાવું તારે વહેલી આવજે એમ કહેતાં આંખમાંથી આંસુ આવ્યાં, કમળા, લક્ષ્મીઆદી બહેનપણીઓએ ગળગળીત બની વીયોગ સામે નકામી બાથો ભીડી.

ડાહી અને સમજુ રસીક લલીતા ગમે તેવી ધૈર્યવતી હોવા છતાં સર્વ સગાના વિયોગથી અધીરી બનીને તેની આંખમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં, થોડા દીવસપછી કાગળ લખી તને પાછી બોલાવીશું એમ દેવી તથા પાડોશની સ્ત્રીઓએ સમજાવ્યુ આપી જયપ્રસાદે તેના સસરાપાસે પહોંચ્યાંનો કાગળ લખાવવાનું કહ્યું અને પછી લલીતા ગાડામાં બેશી પંથે પળી અને એક કબુતરખાનાના વાસી પરમાણે આ એકઠો થએલો જમાવ વિખરાઇ ગયો. લલીતાના જવાનીજ સાથે આ મારા નાવનું સુકાન હું ફેરવું છું.

## સ્થળ વિસલનગર. બીજો દેખાવ.

### વ્રજમોહનદાસનું ગૃહ (લલીતાના સ્વામી રમણીકલાલનું પીતુ ગૃહ.

વ્રજમોહનદાસ, કપાળ કુટલા, કાંમાંધગૌરી.

જમોહનદાસ પોતાની સ્ત્રી તરફ જોઇ, આજે વેવાઇનો પત્ર આવ્યોછે કે ગોર તથા તેમના નોકર સાથે રમણીકની વહુને વદાય કરીશુ.

કપાળકુટલા—હા, તે શુંછે, આવશે તો ઘર ઊઘાડું છે.

વ્રજમોહનદાસ—પણ તું કહેસેથી ગાડી જોડાઇ સામી જા મારા આવવાથી તે શરમાશે માટે તું એકલીજ જા.

કપાળકુટલા—આપડે તો કાંઇ જવા બવાના નથી, કર્યાં એણે ઘર દીઠું નથી.

વ્રજમોહનદાસ—(તેની સાથે નકામી જક કરી તેના સ્વભાવને ઊશકેરવાનો વ્યર્થવીચાર મુકી દઇ પોતાની પુત્રી કાંમાધગૌરી તરફ જોઇ) બહેન તુ જા નીકર લોકમાં આપડું ખોટું દેખાશે.

મા ના પાડેછે, બાપ આજીજી કરેછે અને આખરે ખાટું મોઢું કરી મોં મચકોડી ન છુટકે જાયછે.

## રમણીકનું દીવાનખાનું (રમણીક અને નંદકેસ્વર)

નંદકેશ્વર—કેમ ભાઇ આજે તો શીવપ્રસાદી ઊડાવીશું એતો ઠીક પણ આજે તો ભાભી સાહેબ આવવાના છે એમ તમારી બા કહેતી હતી, હવે તો તમે તેના થશો. માટે આપડે તો કાલથી તમારે ઘેર આવવાના નથી.

રમણીકલાલ—શું શું હું કાંઇ સમજતો નથી.

નંદકેશ્વર—શેના સમજો ભાઇ, એતો સુર્યના કીરણ આંધળાને પણ આંજે.

રમણીકલાલ—થાયતે જોજે, આપણને કાંઇ જેવા તેવા ન સમજતા. તે દહાડે ભુલી ગયા પેલી રાધાની વાત. આપણને કાંઇ એવી સુધરેલી સાબની મડમનો ખપ નથી.

## રમણીકલાલના પીતુગૃહમાં રસીક બેનનું બેસવું.

રસીક લલીતાએ સાસુ સસરાને માતપીતાને શોભતા નમસ્કાર કરી તેમની કુશળતાની ખબર પુછી.

**વ્રજમોહનદાસ**—આહા બેટા ખુશીમાં છું કેમ તને તાવ આવતો હતો તે ઊતર્યોને? મને તો પેલી ફેરી ગોરે ખબર કહી ત્યારથી ફીકર થતી હતી.

**કપાળકુટલા**—(મનમાં) છે તો ઘોડા જેવી હા મટયુંજ હશે તો કાંઇ ખબર લખવાને એક દોઢીયું સરખું મળ્યુંછે.

**રસીક લલિતા**—ના સાસુજી એમ નથી, મારા પીતા તો કાગળ લખવાના હતા, પણ એટલામાં મારૂં પોતાનુંજ આવવાનું ઠર્યું તેથી લખ્યો હશે નહીં.

**વ્રજમોહનદાસ**—આટલી બધી છેક દરગડ કેમ પડી ગઇ. નીકર ગાડાં તો ત્રીજા પહોરના આવે છે કેમ કાંઇ નેળ બેળમાં રોકાવું પડયું હતું?

**રસીકલલીતા**—(ધીરેથી સરમાતી સરમાતી) નેળમાંથી તો આણી પાસ કયારનાએ આવી પહોંચ્યાં હતાં, પણપછી એકદમ વરસાદનું ઝાપટું પડયું, એટલે રસ્તામાં જરા ખોટી થવું પડયું,

**વ્રજમોહનદાસ**—(પોતાની સ્ત્રી તરફ જોઇ) કેમ સાંભળાછ કે એ થાકીને આવી છે માટે જલદીથી કાંઇ રસોઇ કર. હું રમણીકને બોલાવું કેમ કે હજુ એણે વાળુ કર્યું નથી.

**રસીકલલીતા**—(સાસુને જતાં જોઈ) ના સાસુજી હું બેઠી છતાં તેમે રાંધો ને હું જમું તે ખોટું તમે જરા મને બતાવજો ને હું રાંધીશ; રસોઇ તે કહાડાનું હેઠજ છેની.

**કપાળકુટલા**—ના હું મારે રાંધીશ. મારે દુનીઆમાં રહેવુંછે લોક વાત કરે.

રસીકલલીતા સાસુના અયોગ્ય કઠીણ કથનસામે જવાબ આલવો વ્યર્થ ગણી મારી સાસુની આવી પ્રકૃતી કેમ ખમાશે; તેના દીર્ઘવીચારમાં ડુબી. સાસુ સસરા અને નોકરના ગયાપછી આ ભાગમાં કાંમાંધ ગૌરી અને બીજી બે પડોશની તેની બેનપણીઓ તથા ખલકશંકર અને લલીતા એટલાંજ જણ હતાં.

કામાંધગૌરી—(ખલકશંકરને) કેમ ગોર રસ્તામાં નળીમાંવરસાદ પડયો કે બહારનીકળ્યા પછી ? ઝાપટું તો બહુ સકત પડયું જણાય છે.

ખલકશંકર—ઓ તમારી ભાભીને જ પુછોને એતો મારા ઉપર રીસાયાં છે બળ્યું જરા મને ટેવ પડીછે તેથી બોલાઈ જવાયછે. બધા વેરાઇ જાયછે.

## રમણીકનું સયનભુવન, રસીકલલીતાનો પ્રવેશ.

આહા ! પેલો વ્રજમોહનદાશની ગુંજાત પરમાણે મેળવાએલો પારસી ધાટી પલંગ ગાદી તકીઆ બીછાનાથી ઝુંકી ગએલી આંખને કેવો આનંદમય છે પેલી સુવર્ણ ધરમાં જડેલી રંગ બેરંગી છબીઓ કેવી રળીયામણી દેખાયછે, પેલું બીલોરી કાચવાળું નવું કબાટ કેવું લીસું અને પાલીસ કીધેલું છે. ખરેખર આ સઘળી ચીજોથી લલીતાને આનંદ ઊપજ્યો હોત પણ શાણી લલીતાનો કોમળકર ઝાપટવાના બીછાનાને સ્પર્શ કરે તે પહેલાં તેના હાથમાં એક ચુંથાઇ ગએલી ફુલની માળા, જીનની રંગીત છડી, ખંડીત પણ ચળકતો ચાંલ્લો તેની નજરે પડયો. એકદમ તે વિસ્મય યુકત ખેદમાં પડી મનમાં નીશ્વાસ મુકવા લાગી અને પાંગોઠે રહેલી તે વીચારમાં પડી, ઊંચે જોતાં પોતાના કઢંગી રીતે બેઠેલા સ્વામીસાથે સ્ત્રી વર્ગની છબી દીઠી તે ઊતારી જોવાની તેની હીંમત ધરાઇ નહીં. પાસેના કબાટમાં દ્રાક્ષરસની મોટી શીશીઓ આ તીવ્ર બુદ્ધિની તપાસક સુંદરીની દષ્ટ પડી આથી ક્રોધાવસ્થામાં ગાભરી બની જીનછડી, ચાંલ્લા, આદી ચીજો હાથમાં ઝાલી

નણંદને દેખાડવા દોડી પણ નીતીનો ડુંગર તે ઓળંગી શકી નહીં. ફરીથી હસ્થમાં પકડી વીચાર ભુવનમાં પેઠી અને આખરે તેણે તે રસ્તામાં ફેંકી દીધાં, એટલામાં નીચલે માળેથી શીવશંકર ગુમાસ્તાની હાંકથી તે નીચે ગઈ અને મોઢે મોઢે કેટલીએક વાત ચીત કરવામાં ઘણીવાર ગુંથાઇ. એ અરસામાં રમણીકે સયનગૃહમાં પ્રવેશ કીધો અને દરરોજ પ્રમાણે તેના દુરવ્યસનને શરણે જઈ બેહદ મનથી વિચિત્ર રીતે સૈયામાં પડયો. પછી કેટલીકવારે લલીતા ત્યાં આવી, અને તેણે દાંતથી ચાદરની ચાળ પકડી ઊંધો પડેલા ભરતારના છુટા કેશ સામેની બારીમાંથી પવન આવવાથી ફર ફર ઉડતા જોયા, તેના પ્રસારેલા હાથને ખસેડયા વગર પોતે સૈયા સુખ લઈ શકે તેમ નથી એમ લાગ્યું. તેણે પગ પોહોળા નાંખ્યા હતા અને યોગ્ય વસ્ત્ર હોવા છતાં શરીર ઉપર માત્ર નામનુંજ તે વળગી રહ્યું હતું મોંમાંથી મગજ ફાડી નાંખે એવી છાક મારતી હતી અને થોડી થોડી વારે ઊંઘમાં કાંઇ કાંઇ લવારો કરતો હતો. બીછાનું તદન ફરી ગયું હતું અને મોંમાથી લાળ નીકળવાથી બીછાનું પલળી ગયું હતું.

લલીતા તેનો હાથ ખસેડી પલંગપર બેઠી અને હાવા પોતાના ભરથાર ઉપર ઉમળકો આણી થોડીવ રે તેના ગંદા અગીકાર સુકત પગનું ચંપન કરવા મડી દુરવ્યસનીને આથી જરા પણ લાગણી થઇ નહીં. તેને જાગૃત કરવાને ઘણા ફાંફાં માર્યા પણ નીરર્થ જેવું જ પરીણામ આવ્યું. કોઇ ફેરી અગથાજ હું હું જવાબ આપ્યા અને કેટલીક ફેરી કોણ રાધા? પછી લલીતા થોડીકવારે અર્ધ જાગતી પથારીમાં પડી અને વિચાર સ્વપ્નનું ચીંતવન કરતી નિદ્રાંવશ થઇ

## શ્રી નંદ દ્વાર.

આહા શું શોભીત પેલો રળીઆમણો કીલો આમ ધુરકી રહ્યો છે ચાલો મને જરા તે વર્ણવવા દો.

આહા પેલો મોટો મહેલ કોનો હશે પેલી શામા સાથે પેલો રાજવંશી શી વાત કરતો હશે, તેને તે શું જવાબ આપતી હશે.

આજે આ શાણા રાજવંશી ભુપશીંગના દરબારમાં કોઇ એક બાળક સ્ત્રી માત્ર તેની પોતાનીજ રૂબરૂ ઉભી છે તેના શોળે શણુગાર નાજુક કળી સરખું દીલ પારદર્શક ચંપક સરખી ત્વચા સરીર સૌંદર્યતા અને બોલવાની ચાતુર્યતા આદી મોહબાણથી લલચાઇ આ રાજવંશી તેની સાથે પરણવાની માગણી કરે છે તેનો પ્રતીઉત્તર એવો વળે છે કે મારા લગ્ન થઈ ગયા છે અને હું તમારી સાથે બેટી પ્રમાણે વર્તવા ખુશી છું.

શું ભુપશીંગ સરખો રાજા તેના ઉપર બળાત્કાર વાપરશે ? તેને જોરજુલમથી પરણશે ? શું તેને પુનઃલગ્ન કરાવશે? તેના એક બત્રમાં શું બેબત્ર થશે? ના, ના, ના તેણે તેનો વિનયતાથી પોતાની સઘળી ખુશીને ઘણી મુશીબતથી પણ સખત અંકુશમાં રાખી જ વાબ દીધો. જો એમજ છે તો તું મારી આજથી ધર્મની બેટીછે હું તને મારી પુત્રી કરતાં પણ આલે ગણીશ. તું મારી કુંવરી વિજયદેવી સાથે રહેજે અને અત્યંત સંકટમાં તેં જે મને આજે આશ્રય આપ્યો તેને બદલે આ વીંટી હું તને બક્ષુછું જો કે તે બીલકુલ કીમતી નથી માત્ર તેમાં મારા વૃધ પીતાની છબીજ છે પણ જ્યારે ભારે મેં ભારે સંકટ તારે માથે આવી પડે ત્યારે તે તું અત્યંત સાધન ભુત સમજજે. એ તું મને દેખાડતાને વાર તારૂં કાર્ય ફળી ભુત કરીશ. પછી તેને વિજયદેવીના અંતહપુરમાં મોકલવામાં આવી.

આહા ! આ સાયંકાળના પવનની મીઠી લહેર શું હર્ષોજળ રેડે છે પેલું સૂર્યમુખી કમળ સુસ્ત બની ગયું છે અને તેને જુઇ, જાય, મોગરા આદી સુગધમય પુષ્પોના રોપાઓ ઉપર ઝુકી તેને ઢાંકી નાંખે છે. પેલા કુત્રીમ કારીગરીવાળા આરસના ચળકતા શીસા કાચ ઉપર પેલી બાળદેવીઓના ચંદ્રવદનમાંથી ચતુરી કોયલ સરખો સુર

શું ટહુકા કરી રહ્યો છે ખરેખર તે એક મલ્હારના રાગને મળતો છે.

કુંવરી વિજયદેવી પેલી બાળા સાથે પોતાની અશોકવાડીમાં ગઇ છે અને ત્યાં હાસ્ય વિનોદથી વાતો કરી હર્ષકળસ એક બીજા પાસેથી ઝડપી લે છે વાત સમાગમે તે સુંદરીને વીજયદેવી તેનું પર્વ વ્યાખ્યાન પુછેછે કેટલાક યોગ્ય જવાબ આપ્યા પછી તે પરદેશી સુંદરી તેની કર્મ કથા સરૂ કરે છે, હું એક અઘોર અરણ્યવાસી પ્રાણી છું ત્યાં મેં એકાંત વાસમાં પર્ણકુટીકા બાંધી મારા દીવસો નીરગમન કીધા છે તે અરસામાં આ તમારા પીતા ત્યાં આવી ચડેલ શીકારમાં તેઓ તેમનો રસ્તો ભુલા પડયા હતા, અને તેમનો શત્રુ એક બ-ળવાંખોર બારવટીઓ તપ્તસીંહ જો હું ન ભુલતી હઉતો તમારા પીતાના કહેવા પ્રમાણે એમનો તે લઘુ ભ્રાતા થાય તેણે તેમને ચોતરફ ઘે-રી લીધા હતા. કઈ પળે ક્ષય થશે તેનો જરા પણ વીચાર ન થઇ શકે તેવા અરસામાં તેમને મારી પર્ણકુટીકા નજરે પડી. તે એકદમ અંદર પેશી ગયા અને જોકે મારો તે વખતનો દેખાવ એક વનદેવી જેવો હતો તેથી તે જરા ચોંકત પણ ભારે સંકટ આગળ તેમણે તે કશા લેખામાં ગણ્યું નહીં એ પ્રમાણે તે દુસ્મોનોના ભયમાંથી ઉગર્યા.

**વીજયદેવી**—ત્યારે શું તપ્તસીંહ જેવો કાફર શુરવીર તમારી એક વણીકની જાતથીજ ડર્યો.

**બાળા**—ના હું એમ કહેતી નથી, પણ હું જંગલમાં લાંબા વખતથી રહેતી હતી અને તેથી હું કેટલીએક વનસ્પતીના રસાયણ સંયોગ જાણતી હતી સમયને અનુસરીને મેં એક જાદુનો ફાંકો ધરાવ્યો હતો, અને તેથી દરેક આવતું શીકારીનું ટોળું મને પજવતું નહી. એકફેરી એ તપ્તસીંહને મેં ઘણા જાદુના ચમત્કાર દેખાડયા હતા તેથી તે કદી પણ મારી ઝુંપડીએ આવતો નહીં, આથી કદાચ તે પાછો ગયો હશે.

**વીજયદેવી**—પણ તમે આ બાળાવેશમાં સોભાગ્યવંતી હોવા

છતાં વનમાં શું કામ પડી રહેતા હતા.

*બાળા—તે કહેતાં મારૂં હૃદય ભરાઈ આવેછે મને તે તમે ના પુછ્યું હોતતો સારૂં. હું એક કુળવાન ગ્રહસ્થ સાથે પરણી હતી મારા માબાપે મારી મોટીમાની સલાહથી માત્ર કુળ મોટપ ઉપર લોભાઈ વિદ્યા ચાતુરી અને બુદ્ધિ તરફ કાંઇ પણ વીચાર કર્યા સિવાય મને ત્યાં પરણાવી. મે મારે સાસરે જઇ સંસાર સુખ શું છે. તે કદી પણ જાણ્યું નથી; તે વખતે મારી કાચી વય હતી. અને સંસાર સંકટનો રથ ખેડવાને હુ અનુભવ રહિત હતી, તોપણ મેં મારી સમજ પ્રમાણે જાણ્યું કે હું એક કુછંદી કંથની સ્ત્રીછું. થોડાક દીવસ સુધી મેં તેમને સુધારવા અર્થે નિરર્થક પ્રયત્ન કર્યા પણ આથી તેના પરીણામમાં મને ઘણી ક્લીષ્ટ રીતે એક દુષ્ટરાંડ......... ..એકદમ તેની આંખમાં આંસુભરાઇ આવ્યાં, ને એકદમ બોલતી બંધ પડી ગઈ. અને ડુસકાં ભરવા લાગી. વિજયદેવીએ તેનું માથું પોતાના ખોળામાં લીધું., અને ઘણીજ ધીરજ આપી શાંતપાડી, તેની કર્ણકથા શરૂ કરાવી.

બાળા—.........અરે, અરે, મને તેનુ નામ દેતા મારી છાતી ચીરાઇ જાયછે અને તેની પાસેથી કટુ વેર લેવાને મારૂં મન તલપી રહ્યુંછે. તેની શીખવણીથી મને કેટલાક વખતે અત્યંત બીભીત્સ શબ્દબાણુ અને કોઈ કોઈ વખતે તો મને સખત પ્રહાર કીધેલો. એક વખતે મને છેક કઠેરા તરફ ધક્કો માર્યો અને આથી મારા કપાળમાંથી ઘણું લોહી નીકળ્યું અને મને સખત વેદના થઇ હતી. જો હજુ પણ મને નીશાની રહીછે આનું કારણ એમ જણાયું કે મારો સ્વામીનાથ એ દુષ્ટાની સાથે પ્યાર ગાંઠથી સ્ત્રીમોહ જાળમાં ફસાઈ એવા તો સજ્જડ ચુસ્ત થઈ ગયો હતો કે ગમેતેવી વાત તેને કહેવાને અંતર ધરાવતા નહીં. જે હું દરેક વાત તેમને કહેતી હતી તે તેને કહેતા અને આથી આડુ અવળું તે સમજાવતી.

---

*બાળા અને સુવંતી એ બંને એકજ છે.

**વીજયદેવી**—હા પણ આથી તમને વનવાસ કેમ વેઠવો પડયો.

**સુવંતી**—સોબતને અશર એ પ્રમાણે એવી કુસંગથી એક વખતે મારા પતી જુગારના ટોળામાં ભળવાથી સરકારે તેમને કેદ કર્યા હતા તે અરસામાં મારી એક દુષ્ટ નણંદ ઘણી ખરાબ હોવાથી મારી સાથે સખત સબંધ હોવા છતાં વીનય વગર વાત કરતી હતી. આથી હું કેટલીક વખત સ્ત્રીનીતીને અનુસરી તેમને ઠપકો દીધો હતો અને કેટલીક વખતથી લાચારીથી તેમને તુછકારી કાડવાં પડ્યાં હતાં આથી નીતી ને ફકોડી દઇ એક ફેરી મને નીચુ જોવરાવા મારા સ્વામીની ગેર હાજરીમાં મારા સીયળવ્રત ઉપર હાથ નાખ્યો. એક દુષ્ટ બ્રાહ્મણ પાસે મને મારા સયન ભુવનમાં ઘેરાવી.

**વીજયદેવી**—ત્યારે તમે શું કર્યું,

**સુવંતી**—તે પુરૂષનાં આવવાની સાજેજ તરત હું તેનો વીચાર સમજી ગઈ. મારા સસરાનાં ઘરમાં આ વખતે અમારા ત્રણ સીવાય કોઇ પણ માણસ હતું નહીં એવી મને ખબર પડી. ત્યારથી હું બાવરી બની બુમો પાડવાનો બાયે ધારી પડતું મુકવાનો નીશ્ચય કર્યો પણ મારાથી કાઇ બની શકયું નહીં ભયભીત બની આમ તેમ દોડી એક ગાંડા ઘેલાની માફક અવકાસ શુમાવ્યો. એવામાં તે દુષ્ટ મને પકડી શકે તે પહેલાં હું અગાસીની સ્વર્ગ સીડી ઉપર ચડી જઇ ફરેડીની બારી બંધ કરી દીધી.

**વીજયદેવી**—હા! હા! તે વખતે વાહાલી બેની તારા ઉપર કેવી આફત હશે?

**સુવંતી**—હું તે વખતે થરથર ધ્રુજતી રખેને મારૂ શીઅળ ભંગ થશે એમ ડરી હું એકદમ પડોશના બે ત્રણ અગાસીઓ ઓળંગી એક કંગાળ ઘરમાં પેઠી. આ ઘર મેં આજે જોયું હતું. મને કદી પણ આ અહવાસીઓ સાથે કંઈ પણ પ્રસંગ પડેલ નહીં તેમાં એક વખ

ડોસી અને એક તેમનો પચીસેક વરસનો છોકરો એ બે જણુ હતાં મે તેમને ટુંકામાં મારી વાત કહેતાં દયા આવી, અને મને બચાવવાને નિર્ભય વચન આપ્યું તેમને મને એવી સમજણુ આપી કે અહીં રહેતાં મારો બચાવ થનાર નથી અને એટલાજ માટે મારા પીયર જવાનો મને તેમને સંગાથ કરી આપ્યો. થોડીકજ વારમાં અમે પંથે પડ્યાં અને મારી સાથેની બાઇડીએ મને આપડે રસ્તો ભુલ્યા એમ સમજાવી ઉલટાં ખોટે રસ્તે લઇ ગઇ હજુસુધી હું લેશ માત્ર પણુ તેની પક્કાઈ સમજી શકી નહીં આગળ જતાં એક નાનું સરખું ગામ આવ્યુ ત્યાં તેને જવાની ખુશી દેખડાવી અને હું પણુ કેટલીક આનાકાની કર્યા પછી તેની સાથે ગઇ. ગામમાં આ મારી ફોઇનું ઘરછે એમ કહી મને એક વિશાળ ઘરમાં લેઇ જઇ એક ભાગમાં બેસાડી અ-લોપ થઈ તે પછી ફરીથી દેખાઈ નહીં, બે ત્રણુ કલાક એક કોચ ઉપર બેસી રહી એવામાં હાથમાં ઉક્કો જાલી એક ગરાસીઆ ઠ.ઠી ઠાકોર ત્યાં મલપતો આવી મારી સાથે બોલવા લાગ્યા આટલું બધું બન્યું ત્યારે મને માત્ર શકજ આવ્યો પણુ પછીની હકીકત ઉપરથી તમે પણુ એમ ધારો કે સત ધ્વજા ફરકાવવા માટે તરવારની ધારે ચાલવાનું છે હવે તે દુષ્ટ મારા ગળામાં હાથ નાંખવા લાગ્યો હું તદન તેનો ઇરાદો સમજી જઇ એકદમ ત્યાંથી ઉઠી જઇ હાથ જોડી સામી બેઠી પછી તેને મને ન શોભતાં શબ્દ કહ્યા એ ઉપરથી હું તેમનો સંપૂર્ણું ઇરાદો સમજી હુ નીચું ઘાલી રસનાં લોપ કરી આ દેહ તજી દેવાને નીરર્થક ફાં ફાં માર્યા. ધરતીમા હવે તો માગ આપે તો સારૂ, એવા પણુ ઘણા વિચાર દોડાવ્યા સારા ભાગે મારા ઉપર કાંઇ પણુ સીતમ ગુજર્યો હતો નહીં એટલામાં એક ધાર્મીક સાદો સુકલ ત્યાં આગળ આવી પહોચ્યો, કે જેનું નામ મેં પાછળથી જાણ્યું કે કુરણાશંકર હતા આથી તે ગરાસીઓ એકદમ જ બચાણો પડી ગયો. અને આ પ્રમાણે હું ત્યાંથી પણુ બચી. વિજયદેવી—ત્યારે તો એ વીરે

કાંઇ જાણું છું એ કરૂણાશંકર તમારા ધારવા પ્રમાણે એક સાધારણ માણસ નથી પણ એક નાયક દીવાન છે. મારા બાપ ભુપસીંહના કહેવાથી હાલ ત્રણ ચાર વરસથી તે ગરાસીઆની અયોગ્ય વર્તણુંકને માટે એમને માલવપુર મોકલ્યાં હતાં એ ગરાસીઆપર, સીલીક ઉચાપત કરવાનાં ઘણા ચારજો ઘણી વખતે ઉદય પામતા હતા એ કરૂણાશંકરે તેમને હાલ તે ગરાશીઆને આસન કેદમાં નંખાવ્યો છે. એનાં ઉપર એક બીજો પણ કેસ ચાલ્યો હતો પણ તે સાબીત થયો નહીં અને હું ન ભુલતી હઉ તો તમારૂં નામ ગંગાજ છે. ચોવંતી—અહા તેજ કરૂણાશંકર, અને મેં તેમને ગંગાજ કહ્યું હતું પણ મારૂ નામ રસીક લલીતા છે. વીજયદેવી પછી કરૂણાશંકર તમને કયાં લઇ ગયા હતા? રસિક લલીતા પ્રથમ મારા ઉપર ચીડાઇ ક્રોધ દ્રષ્ટીથી જોવા લાગી. પણ પછી મારી વાત સાંભળતાં મને કાંઇ કહ્યું નહીં. મને ફરીયાદ કરવાને કહ્યું પણ મેં બીલકુલ ખુશી બતાવી નહીં. તેમણે એક કાગળમાં મારી સઈ લીધી! મારે ફરીયાદ કરવી પડશે એમ દેસતમાં નાંખી અથવા તો ગુનો છુપાવાનો આળ આવશે એમ કહી મને ઓટલે બેસાડી દાદર બારીએથી તેમના ઘર ઉપર ચડયાં પછી હું આં ભયની મારી રખેને મારે લોકને દાંતે ચડવું પડશે એમ ધારી હું ત્યાંથી નાશી છુટી. વીજયદેવી—વહાલી શખી તું ત્યાંથી કયાં ગઇ! રસીકલલિતા—પછી હું ત્યાંથી મારાથી જેમ ચલાય તેમ ચાલી પણ નસીબ બે ડગલાં આગળને આગળ. હું બેં ત્રણ વાગતાની નીકળી હતી પણ કોઈ પણ ગામ અવ્યું નહીં પણ ઉલટા ત્યાંના પરવતના ઘાડા જંગલમાં ભુલી પડી. ને તે દીવસની રાત ગણી દોહલી ગુજારી અને અંધારી રાત હોવાથી કાંઇ પણ સુજે નહીં અને કેટલીક ફેરી તો આ અંધારાથી મેં વિશાળ તરૂઓને રામાયણના રાક્ષસો ગણ્યાં અત્યાર સુધી મને મારા વાહાલા પતીનું કાંઈ પણ સ્મરણ આવ્યું નહીં પણ તે વખતે મને એવા વિચાર

આવવા લાગ્યા કે અહા વાહાલા પતી ગમે તેમ પણ મને દર્. આપો. બહુ બહુ ફેરી મેં તમને શુચવ્યા પણ આખરે મારા કહ્યા પ્રમાણે થયું ગમે તેમ પણ શાણી શરકાર હવે તેમને મુક્ત કર મને તે દર્શન આપે. આ મારાપર વારમવાર ગુજરતી આફ્તીઓમાંથી મને બચાવે મેં તેમનો કાંઇ પણ અપરાધ કીધો નથી; અને થયો હોય તો પણ માફી મેળવવા યોગ્યછું. ઘેર ઘેર માફીનાં ચુલા હવે હું કદી પણ રાખા વીશે કહીશ નહીં. પણ કયાં ભલે ને વિચાર વિશ્વ ભુવનમાં ગોથા ખાય તો પણ સમય વખતે રાહુ પણ ચંદ્રને પ્રકાસવા દેતો નથી. આ પ્રમાણે મને દમયંતીના દુખો યાદ આવ્યાં. હું વલવલતી અરણ્યમાં ફેરા ખાવા લાગી મેં ઘણી ફેરા આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો અને ઘણી ફેરાં પાણીનાં ખાબોચીઆમાં પડી રહીશ અને પંથે પળવા ઘણી ફેરા વાડમાં પડી અત્યંત કાંટા ભાગ્યા હશે. મને આથી કાંઇ પણ થયું નહીં આખરે હું એક ટેકરા ઉપર સુતી ત્યાર પછીની હકીકત મને ખબર નથી. બીજે દીવસે મને ભાન આવ્યું ત્યારે હું જોઊછું તો એક સંતના આશ્રમમાં પડેલી એ સંતના કહેવા પ્રમાણે તેમને મને સખત દુખમાંથી છોડવી હતી. વીજયદેવી અહા ત્યારે તો તેમનો તમારે ઘણો ઉપગાર માનવો જોઇએ લલિતા—પછી મેં તેમની વનમાં રહી ઘણી ઘણી માતા પીતાને શોભતી રીતે બરદાસ કરી મેં તેમને ઘણી રીતે તૃપ્ત રાખ્યા હતા તેથી તેમને મને ઘણા આપચા લખી આદી જાદુના ખેલો શીખવ્યા હતા મને પણ તેમના ઉપર ઘણો ભાવ હતો પણ કમનસીબે મારા ગયા પછી થોડે દીવસે તે પણ લીલામાં પધાર્યા અને આ પ્રમાણે હું વનમાં રહી.

## અમરાવતી જવાનો રસ્તો.

વહાલી સખી, હવે અમરાવતી માત્ર પાંચજ ગાઉ દુરછે થોડીક વારે તારા માતા પીતાને તું ભેગી થઇશ. અને અમરાવતીના કોટ

કીલ્લામાં પેશીશ હાલ હું બે ત્રણ મહીના ઉપર હું મારે સાસરે ગઇ હતી ત્યાં મેં તમારી કેટલીએક હકીકત સાંભળી હતી.

એક લલીતા નામની યોવાન સ્ત્રી રાજકુંવરી વીજયદેવી સાથે રહેતી હતી. તેમના ઉપર તેમનું ઘણુંજ હેત હતું અને જ્યારે ચં-દ્રાવતી રાજાની પુત્રી શ્રી નંદદ્વાર આવી હતી ત્યારે કેટલીક વર્તણુંક જોઇ તેને પોતાને ત્યાં લઇ ગયાં હતાં અને ત્યાં એક મોતીની માળા ચોરી નાશી જવાનો તમારા ઉપર શક આવ્યો છે કેમ એ વાત ખરી કે ? લલીતા કહેછે કે ના એમ નથી. જગતના મોંડે કાઇ ઢાકણું છે ગમે તેમ બોલે. પ્રથમતો કમલ. હું ચંદ્રાવતીમાં જવાને બીલકુલ ખુશી હતી નહીં મને પરાણે સમજાવી રાજમાતાની ભલામણ કરાવી ત્યાં તેડી ગયાં ત્યાં ગયા પછી માત્ર હું બેત્રણ મહીનાજ રહી હતી. મારા ઉપર તેમને ઘણો ભાવ હતો ને કદી પણ મને તુંકારો કર્યો ન હતો. તેમની પાસે પણ બે ત્રણ સાહજાદી ગામો પણ હતાં તેમને માટે તેમણે એક કારભારી હતો તે હું કુંવરી સાથે બેઠેલી હોઉં તે દરમીઆનમાં ઘણી ફેરે ત્યાં આવતો હતો એક દીવસે જ્યારે હું મારી ઓરડીમાં શેખ્શપીયર વાંચતી બેઠી હતી તે અરશામાં તે ધીમેથી મારી ઓરડીનું બારણું ઉઘાડી અંદર પેઠો એને જોઇને મેં એમ ધાર્યું કે બેન બોલાવતી હશે પણ તેમના બોલવા ઉપરથી હું કાંઇ સ-મજી ખરી તેને મને એક હીરાજડીત કુંદનની માળા આપવા કહ્યું પણ મેં તો એવો જવાપ આપ્યો કે અવડેને અવડે મારી ઓરડીમાંથી ચાલ્યો જા નહીતો હું બેનને બુમ પાડુંછું. આ વખને તે ત્યાંથી ચલ્યો ગયો. પણ પછીથી મારા ખોતરડાં કાહાડવા માંડયાં. કેટલીક ફેરીતો ફાવ્યો નહી આખરે એક વખતે જ્યારે હું બેન પાસે બેઠી હતી તે અર્સામાં કાંઇ મોતીનો કંઠો મારી ઓરડીમાં મુકી આવ્યો. પછી પ્રસંગોપાત બોડી એક વાત કર્યા પછી જ્યારે હું મારી ઓરડીમાં પાછી વળી અને

મારી ઓરડીમાં જઇને ચોપડીઓ ઉથામુ છુતો તે મારા હીઠામાં આવ્યો હું તે લઇ બેનને આલવા જઉંછું તે પહેલાં તેણે એવી કાંઇ અસર કરી દીધી કે આથી બેનનું મન ફર્યું અને જેવો મેં તેમના આગળ હાર મુકયો અને બનેલી હકીકત કહેવા જવું છુ તો તે પહેલાં તેમણે મારા સુખો સુર્યપર આભલું નાંખ્યું. મારા પર ક્રોધ દ્રષ્ટીથી જોવા લાગ્યા તેમનુ મારા ઉપરથી મન ઉઠી જવાથી મેં લાગલોજ તેજ સાંજરે મેં ત્યાંથી જવા માગણી કરી ત્યારે તેમને નજીવીજ દીલગીરી જણાવી. માંડ માંડ તેમણે મને માણુસો લઈ જવા કહ્યું પણ મન ન દેખવાથી મેં તે માગ્યાંજ નહીં હું ત્યાંથી પણ આજ ઘરની ઉઠી વનમાં ગઇ અને વનમાં લાગી આગ એ પ્રમાણે રસ્તામાં ફસાવી મને તેજ આરામખોરે ગામ બહાર નીકળતાં રસ્તામાં ઘેરી. આથી પાસેની વાટીકામાં ભેગી ગઇ પણ ત્યા તે આવી પડયો. હવે મારાથી જરા પણ નાસી જવાની આવ રહી નહીં મેં ત્યાંથી નાસીજવા માડ્યું પણ દુષ્ટના માણસે મને જવા દીધી નહીં અને ઉલટાં મને બંગલામાં લઈ ગયાં અને ત્યાં તે દુષ્ટ આવ્યો અને કહેવા લાગ્યો કે કેમ હવે કઇ બાપ શાહેબને બોલાવશો આ સુંદર હાર તમારા કંઠમાં કેવો સરસ શોભશે એમ અયોગ્ય વચન બોલ્યો.

મે તે ગમે તેવો મનુષ્ય હતો તોપણ મેં તેની શીયળ ખાતર સ્તુતી કરી પણ તે અસર વીનાજ રહીજ આખરે કાંઇ થયું નહીં ત્યારે તેને બળાત્કાર વાપરવાનો વિચાર ધાર્યો તેણે મને જમીન ઉપર નાંખી દીધી એટલામાં એક શીપાઇએ તેને રાજ માતા આવ્યાની ખબર આપી.

**કમળા—**શું આટલું બધું થતાં સુધી તમે સાંખી રહ્યાં કોઇ પણ સ્ત્રી આવે પ્રસગે રસના ચલચાવી. પ્રાણ તજી સ્ત્રી હત્યા અને સતીનુ શુરવીર લોહી તે પાપીષ્ટને છાંટે. લલીતા હા એ ખરે પણ મારાથી એ બની શક્યું નહી. સત્યનો બેલી પ્રભુ(?) એમ હું નીશ્વાસ

નાંખી. પછી હું ખરેખર કહું છું કે હું અહીં હોત નહી. રાજ માતાના આવ્યાની બીકથી તેને મને બહાર કાડી મુકી તે દવાર તરફ ગયો અને દરવાજા તરફ જતાં રાજ માતાએ મને રથમાં બોલાવી.

કમળા—અહો ? ત્યારે જે પેલી રાજ માતાનો ખોટો ઢોંગ લઇ આવેલી દક્ષીણી વારાંગનાને તમારા મસ્યદ ભાઈએ તમને તેને કેદ કરાવી છોડાવ્યાં. તેજ? રસિક—લલિતા અહા ! ત્યાર પછીની સઘળી હકીકતથી અજાણ્યા હશો નહીં કમળા—પછી તેના બધાં પત્રો તમારા પીતાજીને મળ્યાં છે. લલિતા અહો ! ાત સમાગમે આપણે વીશાળ સડક—સરીતા સરકાવી દીધી. જુવો પેલી તપેશ્રીની મઢી દેખાય. પીપળી હવે ઘણી દુર છે નહી. કમળા—જો પેલી તારી માતુશ્રી બેઠાં છે અને લક્ષ્મી જેવું કોઇ પાસે છે.

## સ્થળ રસીક લલીતાના પીતાનું દીવાનખાનું.

અહીં રસીક લલીતા પોતાની ચોપડીઓ વાંચતી હતી એવાંમાં એક ચાકર જે તેના પીતાને કાગળ આપી ગયો હતો. અને તે વાંચી તેના પીતા દીલગીર થઇ બીજા મકાનમાં દેવી પાસે ગયા હતા, પછી રસીકે પોતાના પીતાની બેઠક આગળ જઇ તે કાગળ લીધો અને વાચ્યું તો તેને એવી ખબર મળી કે રમાણીકને ખરાબ સોબતથી દેહાંત દંડની શીક્ષા થઇ હતી આથી રસીક લલીતા ઘણી દીલગીર થઇ એક ખુણે બેશી રોવા લાગી. હવે તેના પીતાએ રસીક લલીતાના વર બીશેની સઘળી વાત દેવીને કહી. આથી તે પણ ઘણી દીલગીરીમાં અને સ-ઘળાને આ છેલીવારના મેળાપને વાસ્તે બોલાવ્યા હતા વાસ્તે તેઓએ રસીક લલીતાના સાસરા તરફ જવાનો વિચાર કરીને બાધુ સામાન તૈયાર કરી રસીક લલીતાને પણ તે સઘળી વાતની જાણીતી કરી. સરવે ત્યાંથી નીકળ્યાં ફાંસીનો છેલો દીવસ હતો તે દીવસે રસીક

લલીતા અને તેના પીતા તથા માતા સરવ કોટમાં ગયા ત્યાં રસીક લલીતાને સાંભરી આવ્યું કે મારી પસે પેલી વીંટીછે. તે મને મારા ગામના રાજા પાસેથી મળેલી છે અને તેમને મને કહ્યું છે કે આ વીંટી તું જેને બતાવશે તે તારૂં દુખ ભાંગશે. યારને લાવને હું અહી આજ આ વીંટી બનાવું એવો વીચાર કરી તે રાજા જ્યાં બેઠો હતો ત્યાં આગળ ગઇ અને તે રાજાએ તે વીંટી જોઇ કહ્યું કે આનો મશીઆઇ ભાઈ અમરાવતીના રાજા સુરસેનની છે તે ઉપરથી તેને કહ્યું કે હા સાહેબ. એ તેમની છે અને તેમને મને ભેટ તરીકે આપીછે. પછી રાજાએ તેને પુછયું કે શા વાસ્તે અને કેવી વખતે એ ભેટ આપી હતી તેની બધી બીનાથી મને વાકીફ કરો. રસીક લલીતાએ તેને બધી વાત કહી અને પોતાના સન બળે કરીને જે કામ કર્યું હતું તે વીશેની સઘળી બીના કહી ત્યાર પછી રાજાએ તેને પુછયું તમારે શું કામ છે અને શું જોઇએ છીએ જે માગશો તે હું તમોને આપીશ. ત્યારે રસિક લલિતાએ કહ્યુંકે, જે માણસને આપે પાંચ દીવસ ઉપર ફાંશીની શીક્ષા ઠરાવીછે અને જેનો વાયદો આજે પુરો થયોછે તે મારો સ્વામી છે અને તે ખરાબ સોબતે બગડેલ છે વાસ્ને આ વખત મુજ ગરીબ બાળા ઉપર રહેમ લાવી તેને ફાંસીથી મુક્ત કરશો એવી આશા રાખું છું

આ ઉપરથી રાજાએ તેના સ્વામીને બોલાવી કેટલીક સારી શીખામણ દઇ તેની શીક્ષા માફ કરી. ત્યાર પછી તેઓ સઘળા ઘેર ગયા.

આ નાની ચોપડી વાંચવાનો સાર એકે સ્ત્રીઓએ પતીવ્રત કેવી રીતનું પાળવું. અને જીવ જાય તોપણ મુકવું નહીં. સોબતે અસર. એ પ્રમાણે રસીક લલીતાના વરને થયું વાસ્તે જે માણસની દોસ્તી કરવી તે વીચાર કરીને કરવી.

સમાપ્ત

## પ્રેમ સંગ્રહ.

એ રમુજી પુસ્તક અમારા તરફથી બાહાર પડેલું છે કીમત બાર આને આના ૪ છે.

---

## [illegible] નાટક.

એ નામનું પુસ્તક છપાઇ પડેલું છે તેમાં આગળનો અને સારી રીતે સમાવેશ છે અને કીમત બાર આના રાખ્યા છે

---

## જાદુ ઉપદેશ.

થોડી મુદતમાં બાહાર પડશે કીમત અગાઉથી એક રૂપીઓ

---

### મફત ! વાંચીને ખુશી !! આપો કેવાનું !!!

### પુસ્તકો ! પુસ્તકો !!

---

અમારે ત્યાં ઘણી જાતના પુસ્તકો—નાટકો, રાસડો, વારતાઓ વીગેરે સસ્તી કીમતે વેચાય છે માટે જે સાહેબોને ખરીદ કરવા હોય તો નવું દરવાજાના ઓટલામાં આવી જજો.

લી.

અમદાવાદ — લલ્લુભાઇ કેશવલાલ—બુકસેલર.
ખાડીઆ, લલ્લુભાઇ.